VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ગણપતિ સંકટનાશનમ સ્તોત્ર અને ગણપતી અથઅર્વશીર્ષ નું મહત્વ

## અદિતી એસ. પટવર્ધન

રિસર્ચ સ્કોલર, લકુલિશ યોગ યુનિવર્સિટિ, અમદાવાદ
https://orcid.org/0009-0008-1164-9231

**સારાંશ:**

*ગણપતિ સંકટનાશનમ સ્તોત્ર અને ગણપતિ અથર્વશીર્ષ હિંદુ પરંપરામાં અત્યંત આધ્યાત્મિક, દાર્શનિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે. બંને ગ્રંથો ભગવાન ગણેશને સમર્પિત છે, જે અવરોધો દૂર કરનાર (વિઘ્નહર્તા) અને શાણપણ અને સફળતાના આશ્રયદાતા તરીકે પૂજનીય છે. આ પેપર ભક્તિ, ધાર્મિક પ્રથાઓ અને વ્યક્તિઓ અને સમુદાયો પર તેમની મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અસરના સંદર્ભમાં આ શાસ્ત્રોના મહત્વની શોધ કરે છે.ગણપતિ સંકટનાશનમ સ્તોત્ર, એક સંસ્કૃત સ્તોત્ર, પડકારોને દૂર કરવા અને શાંતિ અને સમૃદ્ધિને આમંત્રિત કરવા માટે દૈવી હસ્તક્ષેપ મેળવવા માટે ઉચ્ચારવામાં આવે છે. આ સ્તોત્રનું લયબદ્ધ પઠન ભક્તોમાં આત્મવિશ્વાસ જગાડે છે, તણાવ ઓછો કરે છે અને આશા જગાડે છે એવું માનવામાં આવે છે. તે ગણેશ ચતુર્થી જેવા તહેવારો દરમિયાન મુખ્ય ભૂમિકા ભજવે છે અને ગણેશ ઉપાસકો માટે દૈનિક પ્રાર્થનાનો સામાન્ય ભાગ છે.*

*તે ગણપતિ અથર્વશીર્ષ, અથર્વવેદનો ઉપનિષદિક ગ્રંથ, ગણેશને સર્વોચ્ચ વાસ્તવિકતા (પરબ્રહ્મ) ના મૂર્ત સ્વરૂપ તરીકે રજૂ કરે છે. તે ગણેશના દાર્શનિક પાસાઓની શોધ કરે છે, તેમને સાર્વત્રિક ઊર્જા અને ચેતનાના સ્રોત તરીકે ચિત્રિત કરે છે. લખાણ આત્મ-અનુભૂતિ અને કોસ્મિક ભાવના સાથે વ્યક્તિગત આત્માની એકતા પર ભાર મૂકે છે. તેના જાપને એક ગહન આધ્યાત્મિક અભ્યાસ ગણવામાં આવે છે, જે ધ્યાન અને માનસિક સ્પષ્ટતામાં મદદ કરે છે.આ સંશોધન આ ગ્રંથોની સાંસ્કૃતિક અને આધુનિક સુસંગતતા પર પ્રકાશ પાડે છે, જેમાં જપ અને ધ્યાનની પ્રેક્ટિસ દ્વારા માનસિક સુખાકારી પર તેમની અસરનો સમાવેશ થાય છે. તે ગણેશના લક્ષણો, જેમ કે શાણપણ, નમ્રતા અને સ્થિતિસ્થાપકતાના પ્રતીકાત્મક પ્રતિનિધિત્વની પણ શોધ કરે છે. તારણો સૂચવે છે કે આ પ્રાચીન ગ્રંથો માત્ર આધ્યાત્મિક માર્ગદર્શન જ પ્રદાન કરે છે પરંતુ માનસિક શાંતિ અને સામાજિક સંવાદિતા માટે વ્યવહારુ ઉકેલો પણ પ્રદાન કરે છે, જે તેમને કાલાતીત અને સાર્વત્રિક રીતે મહત્વપૂર્ણ બનાવે છે.આ અભ્યાસ આ ગ્રંથોના પ્રાચીન શાણપણને સમકાલીન મનોવૈજ્ઞાનિક અને દાર્શનિક માળખા સાથે જોડે છે, જે આધુનિક વિશ્વમાં તેમની કાયમી સુસંગતતાને મજબૂત બનાવે છે.*

***કી વર્ડ્સ ;*** *ગણપતિ, સંકટનાશનમ સ્તોત્ર, આધ્યાત્મિક,* ***શ્રી ગણપતિ અથર્વશીર્ષ,*** *ગણેશ, ભક્તિ, શક્તિ , દુઃખ , વિઘ્ન*

## પરિચય (INTRODUCTION)

ગણપતિ સંકટનાશનમ સ્તોત્ર શ્રી ગણેશ ને પ્રાર્થનાના રૂપમાં રજૂ કરે છે અને જીવનની મુશ્કેલીઓ દૂર કરવા માટે તેનો પાઠ કરવામાં આવે છે. "સંકટનાશનમ" શબ્દ જીવનમાં આવેલું દુઃખ અને વિઘ્ન નાશ કરવાની શક્તિ દર્શાવે છે. ગણપતી અધર્વશીર્ષ એ ઉપનિષદ અથર્વવેદ નો ભાગ છે, જે ગણપતિને બ્રહ્માનંદનો સ્વરૂપ કહે છે. આ ગ્રંથમાં ગણેશને પરમ તત્વ અને જગતના તમામ તત્વોની પ્રતીક તરીકે ગણવામાં આવે છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

**|| શ્રી ગણપતિ અથર્વશીર્ષ ||**

**શ્રી ગણપતિનો પૌરાણિક ઉલ્લેખ :**

वक्रतुण्ड महाकाय सूर्यकोटि समप्रभ ।
निर्विघ्नं कुरु मे देव सर्वकार्येषु सर्वदा ॥

એનો અર્થ એમ થાય છે કે -

આપ મોટા શરીરવાળા અને વળેલી સુંઢવાળા છો અને કરોડો સૂર્યનું તેજ ધરાવો છો. હે દેવ! આપ અમારા બધા જ કામ હંમેશા નિર્વિઘ્ને પૂરા થાય એવી કૃપા કરો!

ગણેશ, ગણપતિ અને ગજાનન તરીકે ઓળખાતા હિન્દુઓના આ પ્રમુખ દેવતા ગણપતિ આદિદેવ ગણાય છે, જેમણે દરેક યુગમાં અવતાર લીધો હોવાનું જણાય છે.

૧) સતયુગમાં રૂષિ કશ્યપ અને અદિતિને ત્યાં 'મહોત્કત વિનાયક' રૂપે જન્મી, દેવાન્તક અને નરાન્તક નામક રાક્ષસોનાં વધની કથા છે.

૨) ત્રેતાયુગમાં ભાદરવા માસની,શુકલપક્ષ ચતુર્થીનાં 'ઉમા'ને ત્યાં "ગુણેશ" રૂપે જન્મી,સિંધુ નામક રાક્ષસના વધ અને બ્રહ્માનીં પૂત્રીઓ સિદ્ધિ અને રિદ્ધિ સાથે લગ્નની કથા છે.

૩) દ્વાપરયુગમાં 'પાર્વતી'ને ત્યાં "ગણેશ" રૂપે જન્મની કથા તો જાણીતી જ છે.

૪) કળિયુગમાં,"ભવિષ્યપૂરાણ" મુજબ 'ધુમ્રકેતુ' કે 'ધુમ્રવર્ણા' રૂપે અવતાર થવાની કથા મળે છે.

ગણેશની દેવતા તરીકે પ્રથમ સદીની આસપાસ પૂજા થવા લાગી હોવાનું જણાય છે, જો કે ગુપ્ત સમયગાળામાં (ઇ. સ. ૪ થી સદીમાં) તે નિશ્ચિત પણે પૂજાતા હોવાના પ્રમાણો મળે છે. ભારતીય પુરાણોમાં તેઓ શિવ અને પાર્વતીના પુત્ર તરીકે ઉલ્લેખ પામે છે. પરંતુ તેઓ વિશ્વની અનેક પ્રાચીન સંસ્કૃતિઓમાં મૂળ ભારતીય પરંપરાના દેવતા તરીકે પ્રાપ્ત થાય છે. ભારતની ગણપત્ય શાખામાં તેઓ પ્રમુખ દેવતા તરીકે પૂજવામાં આવે છે. ગણેશ પુરાણ, મુદગલ પુરાણ અને શ્રી ગણપતિ અથર્વશીર્ષ તેમની ઉપાસના માટેના પ્રમુખ ગ્રંથો છે. જ્યારે અન્ય બે પુરાણો બ્રહ્મ પુરાણ અને બ્રહ્માંડ પુરાણમાં પણ તેમનો ઉલ્લેખ જોવા મળે છે.

આમ તો ગણેશજીના અનેક નામો મળી આવે છે પરંતુ તેમના બાર નામો પ્રચલિત છે જે આ મુજબ છે.

“ સુમુખ, એકદંત, કપિલ, ગજકર્ણક, લંબોદર, વિકટ, વિઘ્નહર્તા, વિનાયક, ધૂમ્રકેતુ, ગણાધ્યક્ષ, ભાલચંદ્ર, ગજાનન. “



ગણેશજીની પૌરાણિક માહિતી આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

પિતા- ભગવાન શિવ

માતા- ભગવતી પાર્વતી

ભાઈ- શ્રી કાર્તિકેય

પત્ની- બે ૧.રિદ્ધિ ૨. સિદ્ધિ (દક્ષિણ ભારતીય સંસ્કૃતિમાં ગણેશજી બ્રહ્મચારી રૂપે દર્શાવાય છે.)

પુત્ર- બે ૧. શુભ ૨. લાભ

પ્રિય ભોગ (મિષ્ઠાન્ન)- મોદક, લાડુ

પ્રિય પુષ્પ- લાલ રંગનાં

પ્રિય વસ્તુ- દુર્વા (દૂબ) શમી-પત્ર

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

અધિપતિ- જલ તત્વનાં

પ્રમુખ અસ્ત્ર- પાશ, અંકુશ

**2.2** પરમ તત્ત્વ શ્રી ગણેશજી

3.2 **"ઉપનિષદનો પ્રથમ શ્લોક ગણેશજીને છાંદોગ્ય ઉપનિષદમાં નિરૂપિત 'તત્વમસિ' અથવા તો પરમ સિધ્ધાંત તરીકે દર્શાવે છે. ગણેશજી બ્રહ્માંડના સર્જક, પ્રતિપાલક અને વિનાશક છે, તેમ કહ્યું છે. તેઓ જ શાશ્વત આત્મન (બ્રહ્મ) છે. આ રીતે ગણેશજીની મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેઓને ગુણાતીત અને કાલાતીત તરીકે વર્ણવ્યા છે. ગણેશજીનો તાંત્રિક પરંપરા સાથેનો સંબંધ નીચેના શ્લોકથી મળે છે.**

"त्वं मूलाधारस्थितोसि नित्यम्

અર્થાત, તમે સદાય મૂલાધાર ચક્ર પર સ્થિત છો.

ગણેશજીનો બીજ મંત્ર 'गं' આ ઉપનિષદમાંથી પ્રાપ્ત થાય છે. આ મંત્રનું મૂળ ગણેશ પુરાણ છે. આમ, ગહન સાધના માટેના નિર્દેશો આ લઘુ ઉપનિષદમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યા છે. સંપૂર્ણ મંત્રના ઋષિ ગણક ઋષિ અને છંદ નિશ્રુત ગાયત્રી છે; જે આ મુજબ છે.

ॐ गं गणपतये नमः

સમગ્રત: ભારતીય પ્રાચીન વૈદિક પરંપરાના રત્ન સમાન આ ઉપનિષદ સાંસ્કૃતિક અને આદ્યાત્મિક મહત્વ ધરાવે છે. આજે પણ બહુજન વિશેષમાં તેના પઠન અને આવર્તનનું બાહુલ્ય તેની લોકપ્રિયતા દર્શાવે છે. તેમજ સામાન્ય ગૃહસ્થ જીવન જીવતા લોકો માટે ગહન આદ્યાત્મિક સાધન પણ બની રહ્યું છે." [5]

**ભારત માં ગણેશ ઉપાસના :**

પ્રવર્તમાન ભારતમાં ગણેશજી સાર્વત્રિક રીતે પૂજાય છે. પરંપરાગત રીતે વિઘ્નેશ્વર તરીકે કોઈ પણ શુભ કાર્યની શરૂઆતમાં ગણપતિજીની પૂજા કરવાનું પ્રચલિત છે. ભારતના લગભગ તમામ પ્રદેશોમાં ગણેશ ઉપાસના એક યા બીજી રીતે થતી જોવા મળે છે. વીસમી સદીની શરૂઆતમાં લોકમાન્ય ટિળકે મહારાષ્ટ્રમાં સાર્વજનિક ગણેશ ઉત્સવની શરૂઆત કરી. આમ ગણપતિ એ માત્ર અંતરંગ ઉપાસનાનું કેન્દ્ર ન રહેતા, બહિરંગ સમૂહ ચેતનાની જાગૃતિનું વાહક બન્યું.

ગણપતિ અથર્વશીર્ષની જેમ જ એક સુંદર અને સરળ ગણપતિ સંકટનાશં સ્તોત્ર જેનું રોજેરોજ પઠણ કરવાથી આપણા સંકટનું શ્રી ગણેશ ચોક્કસ જ નાશ કરે છે.

ગણપતિ સંકટનાશં સ્તોત્ર:

જીવનની તમામ પરેશાનીઓને દૂર કરવા માટે ભગવાન ગણેશના શક્તિશાળી સ્રોત તમામ સમસ્યાઓને દૂર કરી શકે છે. ભગવાન ગણેશની પૂજા કર્યા પછી તેમની સ્તુતિ કરતી વખતે તે અવશ્ય વાંચવું જોઈએ. આનો નિયમિત પાઠ કરવાથી ભગવાન ગણેશ તમારા પર વિશેષ આશીર્વાદ આપે છે. આ સ્રોત સિવાય ભગવાન ગણેશની આરતી કરવી અને મોદક ચઢાવવું એ પણ એક મહત્વપૂર્ણ કાર્ય છે.

"प्रणम्य शिरसा देवं गौरी विनायकम् ।
भक्तावासं स्मेर नित्यमायुः कामार्थसिद्धये ॥1॥

प्रथमं वक्रतुडं च एकदंत द्वितीयकम् ।
तृतियं कृष्णपिंगात्क्षं गजववत्रं चतुर्थकम् ॥2॥

लंबोदरं पंचम च पष्ठं विकटमेव च ।
सप्तमं विघ्नराजेंद्रं धूम्रवर्ण तथाष्टमम् ॥3॥

नवमं भाल चंद्रं च दशमं तु विनायकम् ।
एकादशं गणपतिं द्वादशं तु गजानन् ॥4॥

http://vidyajournal.org

ISSN: 2321-1520 E-ISSN: 2583-3537

द्वादशैतानि नामानि त्रिसंध्यंयः पठेन्नरः ।
न च विघ्नभयं तस्य सर्वसिद्धिकरं प्रभो ॥5॥

विद्यार्थी लभते विद्यां धनार्थी लभते धनम् ।
पुत्रार्थी लभते पुत्रान्मो क्षार्थी लभते गतिम् ॥6॥

जपेद्णपतिस्तोत्रं षडिभर्मासैः फलं लभते ।
संवत्सरेण सिद्धिंच लभते नात्र संशयः ॥7॥

अष्टभ्यो ब्राह्मणे भ्यश्च लिखित्वा फलं लभते ।
तस्य विद्या भवेत्सर्वा गणेशस्य प्रसादतः ॥8॥

॥ इति श्री नारद पुराणे संकष्टनाशनं नाम श्री गणपति स्तोत्रं संपूर्णम् ॥" [1]

**1.** દર વર્ષે ભાદરવા સુદ ચતુર્થીના દિવસે વિધિવત રીતે ગણેશ સ્થાપન કરવામાં આવે છે. તેમ વૈદિક મંત્રો અને શાસ્ત્રોક્ત વિધિઓથી તેમની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે. સમગ્ર ગણેશોત્સવ દરમ્યાન આરતી, ધ્યાન, અને પૂજન અર્ચન વડે ગણેશજીની ઉપાસના કરવામાં આવે છે.

**2.** ''શ્રી ગણેશ સ્થૂળ સ્વરૂપમાં અન્નમય ચેતનાના દેવતા છે. ગણેશજીની પ્રતિમા અન્નમય ચેતનાનું સુંદર પ્રતિક છે પરંતુ જ્યારે તેમ પ્રાણપ્રતિષ્ઠા કરીએ છીએ ત્યારે અન્નમયમાંથી પ્રાણમય સંચરણ થાય છે. નિરંતર અભિપ્સા, ધ્યાન, ચિંતન મનન દ્વારા પ્રાણમય ચેતના મનોમયમાં સંચારણ પામે છે.

મનોમય ચેતના એક સૂક્ષ્મ ભાગવત ચેતના છે. યોગસાધનામાં એક અવસ્થા એવી આવે છે કે જયારે તે ભાગવત ચેતના જીવાત્માનુ રૂપ ધારણ કરે છે, જેને વિજ્ઞાનમય કહે છે. ત્યારે તે આ સમસ્ત ચેતનાઓની અંતરાત્મા આનદમયમા પ્રવેશ કરે છે. આનંદમયમા પ્રવેશ કરતા જ, અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય બંધન એક પછી એક કપાતાં જાય છે. અને યોગી આનંદના આલોકમાં વિચારવા માડે છે. ગણેશની સ્થાપના સ્થૂળ અર્થાત અન્નમયની સ્થાપના છે પરંતુ તેનું વિસર્જન બધા કોષોનુ વિસર્જન કરી સ્વયં આનંદમય થઈ જવાનો ઉત્સવ છે.

ગણેશોત્સવના દશ દીવસનો ક્રમ અન્નમયથી આનંદમય સુધીની યાત્રાનું પ્રતિક છે. આ યાત્રા બહારથી અંદરની બાજુ સ્થૂળ થી સૂક્ષ્મ તરફ છે. અનંત ચતુર્દશીના દિવસે વિસર્જનનો આ અર્થ છે કે આપણે સ્થૂળને છોડીને સૂક્ષ્મ તરફ અનંતમાં પ્રવેશ કરવો." [2]

**ગણેશ પુરાણ માં ગણપતિ ઉપાસના નું વર્ણન :**
"શ્રી ગણેશ પુરાણમાં ગણપતિ ઉપાસનાના બે પ્રકારો વર્ણવ્યા છે. તેમાનો એક એટલે વેદાંતમાં વર્ણવેલ નિરાકાર શાશ્વત બ્રહ્મ સ્વરૂપ એવા ગણેશજીનું ધ્યાન અને રહસ્ય દર્શન. જ્યારે બીજો પ્રકાર એટલે ઉપર વર્ણવેલ સાકાર સ્વરૂપ ગણેશજીની પૂજા અને અર્ચના. આ બધા વિચારોને ઉપાસના ખંડ કે જે ગણેશ પુરાણનો પ્રથમ ભાગ છે, તેમાં વાર્તાઓ અને બ્રહ્માંડની ઉત્પત્તિના સિધ્ધાંત સ્વરૂપે પ્રદર્શિત થઈ છે."

**ગણપતિ ઉપનિષદ અથવા અથર્વશીર્ષ :**
ભગવાન ગણેશને યશ, બુધ્ધિ અને જ્ઞાનના દેવતા માનવામાં આવે છે. શાસ્ત્રો મુજબ ગણેશજીના ઘણા બધા મંત્રો તથા સ્તોત્રોનું પઠન અને જાપ કરવા ઉત્તમ છે, પરંતુ ગણપતિ અથર્વશીર્ષનો પાઠ એ સર્વોત્કૃષ્ઠ અને ઉત્તમ ફળદાયી ગણવામાં આવ્યો છે. ગણપતિ અથર્વશીર્ષના શાસ્ત્રોક્ત પધ્ધતિના પઠન થી ભગવાન ગણેશ ચોક્કસ પ્રસન્ન થાય છે.
''ગણપતિ અથર્વશીર્ષ હિન્દુ ધર્મનું એક ગૌણ ઉપનિષદ છે, જે સંસ્કૃત ભાષામાં લખાયું છે. આ ઉપનિષદ અથર્વવેદ સાથે સંકળાયેલું ગણાય છે. તે બુદ્ધિ અને જ્ઞાનના દેવતા શ્રી ગણેશજીની સ્તુતિ છે. તેનો મુખ્ય સૂર એ છે, શાશ્વત સત્ય અને બ્રહ્મ

http://vidyajournal.org

ISSN: 2321-1520 E-ISSN: 2583-3537

તરીકે જે પ્રતિષ્ઠિત છે તે જ ગણેશજી છે. તે ગણપતિ ઉપનિષદ તરીકે પણ સુવિખ્યાત છે. તેમાં અન્ય હિન્દુ દેવતાઓ ની જેમ ગણપતિજી ઓમકાર સ્વરૂપ પરમ સત્ય, બ્રહ્મ અને સચ્ચિદાનંદ તરીકે વર્ણવવામાં આવ્યા છે.ગણપતિનો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથ ઋગવેદમાં જોવા મળે છે. પરંતુ અથર્વશીર્ષ સંભવત: ૧૬ મી અથવા ૧૭ મી સદીમાં રચાયું હોવાનું મનાય છે. મુક્તિકા ઉપનિષદના ૧૦૮ ઉપનિષદોની યાદીમાં તે સ્થાન પામ્યું છે. તે શૈવ ઉપનિષદ પૈકી નું એક ગણાય છે.''

ગણેશજીની આરાધના ખૂબ મંગળકારી માનવામાં આવે છે. તેમના ભક્ત વિવિધ પ્રકારથી તેમની આરાધના કરે છે. અનેક શ્લોક, સ્તોત્ર, જાપ દ્વારા ગણેશજીને મનાવવામાં આવે છે. તેમાથી ગણપતિ અધર્વશીર્ષનો પાઠ પણ ખૂબ મંગળકારી છે દરરોજ સવારે શુદ્ધ થઈને આ પાઠ કરવાથી ગણેશજીની કૃપા અવશ્ય પ્રાપ્ત થાય છે.

શ્રી ગણપતિ અથર્વશીર્ષ ગણેશ ઉપાસનાનો મહત્વપૂર્ણ સ્રોત છે, જે સંસ્કૃત ભાષામાં લખવામાં આવ્યો છે. જેના પઠનથી ગણપતિનો આશીર્વાદ ચોક્કસ જ મળે છે. અથર્વશીર્ષના નિયમિત પઠનથી દોષોથી મુક્ત થવાય છે અને રોગોથી પણ મુક્ત થવાય છે. તમારા શુભ કાર્યની શરૂઆતમાં ગણપતિ અથર્વશીર્ષનો પાઠ કરવામાં આવે તો કરી નિર્વિઘ્ન પાર પડે છે .

ગણપતિ અથર્વશીર્ષનો પાઠ કરતી વખતે સંસ્કૃત શબ્દોનું ઉચ્ચારણ એકદમ સાચી રીતે જ થવું જોઈએ, એના શ્લોકોનું ઉચ્ચારણ ખોટી રીતે કરવાથી વાંચનનો યોગ્ય લાભ પ્રાપ્ત થતો નથી. અથર્વશીર્ષ શાંતિપાઠથી શરૂ થાય છે. જે ઘણા સંસ્કૃત ગ્રંથોમાં જોવા મળે છે.

**અથર્વશીર્ષ–મૂળપાઠ અને અનુવાદ :**

॥શ્રી ગણપતિ અથર્વશીર્ષ ॥

શ્રી ગણેશજીનાં અનેક સ્તોત્ર, પ્રાર્થનાઓ, અષ્ટોત્તર નામાવલી જોવા મળે છે. પણ તે સર્વે માં મોખરે સ્થાને છે. શ્રી ગણપતિ અથર્વશીર્ષ જે ઋષિ અથર્વણે રચેલું છે.

ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवाः ।
भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवाँसस्तनूभिः ।
व्यशेम देवहितं यदायूः । (યજુ -25-21 )

(હે દેવતા, અમે કાનથી શુભ સાંભળીએ, આંખથી શુભ જોઇએ, ઉત્તમ અંગોથી તમારાં ભજન-કીર્તન કરતાં આ જિંદગી વીતે એવું કરો હે નાથ.)

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ।
स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः ।
स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥ (યજુ -25-19 )

(કીર્તિમાન ઇન્દ્ર અમારુ કલ્યાણ કરે, વૈભવશાળી અને જ્ઞાનસંપન્ન પૂષા એટલે સૂર્યદેવ અમારું મંગળ કરે, સુખદાયી પક્ષીરાજ ગરુડજી અમારૂ ભલું કરે, વાણીના અધિપતિ દેવ ગુરૂ બૃહસ્પતિજી અમારું કલ્યાણ કરે.)

ॐ नमस्ते गणपतये |

(ૐકાર રૂપી ગણેશજીને મારા પ્રણામ હજો.)

त्वमेव प्रत्यक्षं तत्त्वमसि ।

આપ જ સાક્ષાત પરમ તત્વ છો.

त्वमेव केवलं कर्ताऽसि ।

આપજ વિશ્વના કર્તા છો .

त्वमेव केवलं धर्ताऽसि ।

આપજ વિશ્વના પાલનહાર છો .

त्वमेव केवलं हर्ताऽसि ।

આપજ વિશ્વના સંહારક છો.

त्वमेव सर्वं खल्विदं ब्रह्मासि ।

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

આપજ વિશ્વ વ્યાપક બ્રહ્મ છો.
त्वं साक्षादात्माऽसि नित्यम्
આપજ પ્રત્યક્ષ આત્મા છો...(૧)
ऋतं वच्मि । सत्यं वच्मि
(આ મારી સરળ અને સત્ય વાણી છે.)......(૨)
अव त्वं माम् । अव वक्तारम् ।
(અમારું અને આપના ગુણગાન ગાનારાની રક્ષા કરો.
अव श्रोतारम् । अव दातारम् ।
મહિમા - શ્રવણકાર અને જ્ઞાનદાતાનું રક્ષણ કરો
अव धातारम् । अवानूचानमव शिष्यम् ।
(આશ્રયદાતા અને વેદાભ્યાસીનું રક્ષણ કરો.)
अव पश्चात्तात् । अव पुरस्तात् ।
(પશ્ચિમ અને પૂર્વ થી મારુ રક્ષણ કરો.)
अवोत्तरात्तात् । अव दक्षिणात्तात् |
(ઉત્તર અને દક્ષિણથી મારુ રક્ષણ કરો.)
अव चोर्ध्वात्तात् । अवाधरात्तात् ।
(ઉપરથી અને નીચેથી મારું રક્ષણ કરો)
सर्वतो मां पाहि पाहि समन्तात् |
(ચારેકોરથી મારું રક્ષણ કરો......(3)

त्वं वाङ्मयस्त्वं चिन्मयः ।
(આપ જ વેદમૂર્તિરૂપ, આપ જ ચૈતન્ય)
त्वमानन्दमयस्त्वं ब्रह्ममयः ।
(આપ જ આનંદમય, આપ જ બ્રહ્મમય)
त्वं सच्चिदानन्दाऽद्वितीयोऽसि ।
(આપ જ સચ્ચીદાનંદ અને અજોડ.)
त्वं प्रत्यक्षं ब्रह्मासि ।
(આપ જ સાક્ષાત સગુણ બ્રહ્મ.)
त्वं ज्ञानमयो विज्ञानमयोऽसि
(આપ જ જ્ઞાનવિજ્ઞાન રૂપ).......(૪)

सर्वं जगदिदं त्वत्तो जायते ।
(આ આખયું વિશ્વ આપનાથી જ ઉત્તપન્ન થયું છે.)
सर्वं जगदिदं त्वत्तस्तिष्ठति ।
(આ આખયું વિશ્વ આપનાથી જ સ્થિર છે.)
सर्वं जगदिदं त्वयि लयमेष्यति ।
(આ આખયું વિશ્વ આપનામાં જ સમાઇ જાય છે.)
सर्वं जगदिदं त्वयि प्रत्येति ।
(આ આખયું વિશ્વ આપનાથી જ અંત આવે છે.)
त्वं भूमिरापोऽनलोऽनिलो नभः ।
(આપ ભૂમિ-જળ-તેજ-અગ્નિ-આકાશ છો.)
त्वं चत्वारि वाक् {परिमिता} पदानि ।(આપ વાણીની ચાર અવસ્થા છો.)....(૫)

त्वं गुणत्रयातीतः ।
(આપજ ત્રિગુણ /સત્વ-રજસ-તમસથી પર છો.)
त्वं अवस्थात्रयातीतः ।

http://vidyajournal.org

(આપ ત્રણ અવસ્થા/ જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ થી પર છો.)
त्वं देहत्रयातीतः ।
(આપ દેહથી પર છો.)
त्वं कालत्रयातीतः ।
(આપ કાળથી પર છો.)
त्वं मूलाधारस्थितोऽसि नित्यम् ।
(આપ સૃષ્ટિનો મૂળ આધાર/ચક્ર છો.)
त्वं शक्तित्रयात्मकः ।
(આપ ત્રણ શક્તિ/જન્મ-રક્ષણ-સંહરણ)રૂપ છો.)
त्वां योगिनो ध्यायन्ति नित्यम् ।
(આપનું ધ્યાન યોગીઓ નિત્ય કરે છે.)
त्वं ब्रह्मा त्वं विष्णुस्त्वं
(આપ સૃષ્ટિકર્તા બ્રહ્માજી અને સૃષ્ટિપાલક વિષ્ણુજી છો.)
रुद्रस्त्वमिन्द्रस्त्वमग्निस्त्वं
(આપ રુદ્ર ત્રિભુવનપતિ ઇન્દ્ર અને અગ્નિ છો.)
वायुस्त्वं सूर्यस्त्वं चन्द्रमास्त्वं
આપ વાયુ, સુર્ય અને ચંદ્ર છો.
ब्रह्म भूर्भुवस्सुवरोम्
(હે બ્રહ્મ તમેજ ભૂ ભુવઃ સ્વઃ લોક ના ૐ સ્વરૂપ છો.)॥૬॥

गणादिं पूर्वमुच्चार्य वर्णादींस्तदनन्तरम् ।
(ગ્ વર્ણનો ઉચ્ચાર કરીને એમાં 'અ' સ્વર ઉમેરીને.)
अनुस्वारः परतरः ।अर्धेन्दुलसितम् ।तारेण ऋद्धम् ।
(એને અર્ધચંદ્રાકાર અનુનાસિકથી શોભિત કરીને, તાર એટલે ૐકારને સમાવીએ ,'ગ્' જે પ્રથમ રૂપ)
एतत्तव मनुस्वरूपम्
(ગ્ + અ = ગ. 'અ' જે આપનું મધ્ય રૂપ થયું.)
अनुस्वारश्चान्त्यरूपम् ।बिन्दुरुत्तररूपम् ।
(અનુનાસિક અંત્યરૂપ અને બિન્દુથી થયું ઉત્તર રૂપ . ગ્ + અ + અનુનાસિક + બિંદુ = गँ)
नादस्संधानम् ।सगंहिता संधिः|सैषा गणेशविद्या ।
(મંત્રાક્ષર – ૐ गँ, આમ થયો ૐકાર, પૂર્ણ ઉચ્ચાર, જે ગણેશ વિદ્યા છે.)
गणक ऋषिः ।निचृद्गायत्रीच्छन्दः ।गणपतिर्देवता ।
(ગણપતિ દેવતાના આ મંત્રણા દ્રષ્ટા છે ગણક ઋષિ અને છંદ છે નિચરુત ગાયત્રી.)
ॐ गं गणपतये नमः
(આવા મંત્રરૂપ શ્રી ગણેશજીને મારા પ્રણામ હજો.)||૭||
*
एकदन्ताय विद्महे वक्रतुण्डाय धीमहि ।
(આવા એક દાંત અને વક્ર-મુખવાળા ગણેશજીનો મહિમા અમે જાણીએ છીએ.)

तन्नो दन्तिः प्रचोदयात् ||८ ||

(આવા મહિમાશાળી શ્રી ગણેશજી અમને સદબુધ્ધિ અને ભક્તિનું દાન કરો.)

एकदन्तं चतुर्हस्तं पाशमङ्कुशधारिणम् ।
(એમને એક જ જમણો દાંત છે, ચાર હાથ છે. જેમાં જમણા હાથમાં વરુણદેવજીનું આયુધ પાશ છે અને ડાબામાં અંકુશ છે.)
रदं च वरदं हस्तैर्बिभ्राणं मूषकध्वजम् ॥
(નીચેના ડાબા હાથમાં ભગ્ન-દંત છે, જમણો હાથ વરદ્-મુદ્રાવાળો છે. ઉંદર એમનું વાહન છે.)
रक्तं लम्बोदरं शूर्पकर्णकं रक्तवाससम् ।

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

(આવા શ્રી ગણેશજી રતુંબડા છે, મોત પેટવાળા, સૂપડા જેવા કાનવાળા તેમજ લાલરંગના વસ્ત્રો ધારણ કરેલા છે.)

रक्तगन्धानुलिप्ताङ्गं रक्तपुष्पैस्सुपूजितम् ॥

(એમના અંગે સુગંધિત રાત દ્રવ્યોનો લેપ કર્યો છે અને લાલ પુષ્પોથી એમની પૂજા થાય છે.)

भक्तानुकम्पिनं देवं जगत्कारणमच्युतम् ।

(તેઓ ભક્તો પ્રત્યે દયાળુ છે, આખાય જગતના કારણરૂપ છે અને અવિનાશી છે.)

आविर्भूतं च सृष्ट्यादौ प्रकृतेः पुरुषात्परम् ।

(.. છતાંયે સૃષ્ટિ ના પહેલા સગુણ રૂપે પ્રગટ થયા છે અને પ્રકૃતિ તેમજ પુરૂષથી પર છે.)

एवं ध्यायति यो नित्यं स योगी योगिनां वरः ॥९ ॥

(આવા શ્રી ગણેશજીનું જે નિત્ય ધ્યાન કરે છે, તે યોગીઓમાં શ્રેષ્ઠ છે.)

नमो व्रातपतये ।नमो गणपतये ।नमः प्रमथपतये ।

(દેવોના/ તપસ્વીઓના/સ્વામીને એને ગણોના અધિપતિને મારા પ્રણામ હજો.)

नमस्तेऽस्तु लम्बोदरायैकदन्ताय विघ्ननाशिने

(શિવજીના ગણોના અધિપતિ, લંબોદર, એકદંત, સંકટહર્તાને મારાં પ્રણામ હજો.)

शिवसुताय वरदमूर्तये नमः ॥१0॥

(વરદાન દેનારા શિવજીના સુપુત્રને મારા પ્રણામ હજો..) [6]

## LITERATURE REVIEW

- Cosmic vision in Sri Ganapati Atharvashirsha

By Nandkumar M. Kamat

Navhind Times

https://www.navhindtimes.in/2023/09/17/magazines/panorama/cosmic-vision-in-sri-ganapati-atharvashirsha/

સંકલન:

ગણપતિ સંકટનાશનમ સ્તોત્ર અને ગણપતિ અથર્વશીર્ષ હિંદુ પરંપરામાં ભગવાન ગણેશના ગહન આધ્યાત્મિક, દાર્શનિક અને સાંસ્કૃતિક મહત્વનું ઉદાહરણ આપે છે. આ પવિત્ર ગ્રંથો માત્ર ભક્તિ માટેના સાધન તરીકે જ કામ કરે છે પરંતુ જીવનના પડકારોને પહોંચી વળવા માટે કાલાતીત શાણપણ અને વ્યવહારુ માર્ગદર્શન પણ આપે છે.

ગણપતિ સંકટનાશનમ સ્તોત્ર, અવરોધોને દૂર કરવા અને મુશ્કેલીઓ દૂર કરવા પર તેના ભાર સાથે, ભક્તોને આશા અને સશક્તિકરણની ભાવના પ્રદાન કરે છે. તેનું લયબદ્ધ પઠન માનસિક સ્પષ્ટતા અને ભાવનાત્મક સ્થિતિસ્થાપકતાને પ્રોત્સાહન આપે છે, તેને વ્યક્તિગત અને સામૂહિક બંને આધ્યાત્મિક પ્રથાઓ માટે એક શક્તિશાળી માધ્યમ બનાવે છે.

ગણપતિ અથર્વશીર્ષ ગણેશની સમજને વૈશ્વિક સ્તરે ઉન્નત કરે છે, તેમને સર્વોચ્ચ ચેતનાના મૂર્ત સ્વરૂપ અને બ્રહ્માંડના એકીકરણ બળ તરીકે રજૂ કરે છે. આ ઉપનિષદિક લખાણ સ્વ અને તેના અનંત સાથેના જોડાણ વિશેના સાર્વત્રિક સત્યોને પ્રકાશિત કરીને ધાર્મિક સીમાઓને પાર કરે છે. તે સ્વ-જાગૃતિ, માઇન્ડફુલનેસ અને આંતરિક શાંતિની શોધને પ્રોત્સાહિત કરે છે, પ્રાચીન શાણપણને સુખાકારી માટેના આધુનિક અભિગમો સાથે સંરેખિત કરે છે. બંને ગ્રંથો હિંદુ ફિલસૂફી અને સંસ્કૃતિની સમૃદ્ધ ટેપેસ્ટ્રીમાં ફાળો આપે છે, જે ગણેશના લક્ષણોના પ્રતીકવાદ અને વ્યક્તિગત વિકાસમાં તેમની સુસંગતતાની સમજ આપે છે. વધુમાં, તેમના મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક લાભો, જેમ કે તણાવ રાહત અને ઉન્નત ધ્યાન, સમકાલીન સમાજમાં તેમના કાયમી મૂલ્યને રેખાંકિત કરે છે.

નિષ્કર્ષમાં, ગણપતિ સંકટનાશનમ સ્તોત્ર અને ગણપતિ અથર્વશીર્ષ જીવનના પડકારોને સાચી દિશા સૂચન કરવા, આત્મ-સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા અને સંવાદિતાને ઉત્તેજન આપવા માટે ગહન માર્ગદર્શક તરીકે સેવા આપે છે. તેમની કાલાતીત ઉપદેશો પ્રાચીન આધ્યાત્મિક પ્રથાઓ અને આધુનિક જીવન વચ્ચેના અંતરને દૂર કરે છે, તેમને જીવનના તમામ પાસાઓમાં શાણપણ, શાંતિ અને સફળતાની શોધ કરનાર વ્યક્તિઓ માટે અમૂલ્ય બનાવે છે.

http://vidyajournal.org

## સંદર્ભ સૂચિ

1. કૈ. પાંગાવકર લક્ષ્મણાવ. ભક્તિમાર્ગ પ્રદીપ. ૧૮૫૪.
2. શુક્લ હરેંદ્ર. મહર્ષિ વેદ્વ્યાસ પ્રણિત ગણેશ મહાપુરાણ. શ્રી હરિ પુસ્તકાલય ટાવર રોડ, સુરત . ૨૦૧૦ .
3. શ્રી ગણપતિ અથર્વશીર્ષ સરલ ગુજરાતી અર્થ by ડૉ અરુણાબા જાડેજા
4. Patrick Olivelle (1998), Upaniṣhads. Oxford University Press, ISBN 978-0199540259, see Introduction
5. https://gujarati.indianexpress.com/dharma/ganesh-chaturthi-2024-ganesh-stotram-in-gujarati-if-you-want-to-eliminate-all-danger-from-life-then-start-recitation-of-sankatnashan-ganesh-stotra-ap/311289/
6. https://archive.org/details/dli.ernet.484703/page/n15/mode/2up
7. https://archive.org/details/dli.ernet.484703/page/n3/mode/2up?view=theater

http://vidyajournal.org